જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૬/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૬૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૭૧	૫	૧૧૫૭૬	૧૭૬૮૩	૫	૧૭૬૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૬	૩	૪૭૨૯	૬૨૬૧	૩	૬૨૬૪
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૫	૦	૯૫	૩૪૦	૦	૩૪૦
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૦૫૨૬	૪૪૨	૬૦૯૬૮	૬૧૧૦૬	૪૨૧	૬૧૫૨૭
કુલ		૭૬૯૧૮	૪૫૦	૭૭૩૬૮	૮૫૩૯૦	૪૨૯	૮૫૮૧૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૩	૩,૨૮,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭૭૯	૨૭,૭૯,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

ફોર વ્હિલ ગાડીઓની એસેસરીઝની ચોરીના ગુનાના કામના બે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાભલા" નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના "પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ" તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો પિયુશ નટવરલલ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે નરોડા હંસપુરા ગામના પાછળ ના રોડ ઉપરથી નં.૧ મૌલીક ઉર્ફે મોન્ટુ સ/ઓફ મહેન્દ્રભાઇ પટણી (પ્રજાપતી) ઉ.વ. ૨૮ રહે, મકાન નં-એચ/૧/૨૦૪ દેવરાજ રેસીડેન્સી શ્રીજી બગ્લોઝની પાસે નરોડા અમદાવાદ શહેર તથા નં.૨ દિવ્યાંગ ઉર્ફે દિપક સ/ઓફ ગજેન્દ્રસિહ રાઠોડ ઉ.વ.૨૪ રહે, મકાન નં- બી/૬૭ ગજાનંદ પાર્ક એસ.આર.પી.ગુપ- ૨ ની પાછળ નરોડા અમદાવાદ શહેર નાઓ "નરોડા પો.સ્ટે.પાર્ટ -એ-૧૧૧૯૧૦૩૫૨૧૧૨૯૪/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના" ગુનાના કામે ચોરી કરી લઇ ગયેલ અર્ટીકા કારના ટાયરમાંથી કાઢી ચોરી કરેલ ચાર(૪) વ્હીલકેપ ની કિરૂ,૧૫૦૦/-ના મુદ્દામાલ સાથે તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

મુદ્દામાલ ચોરી કરી લઇ ગયેલ અર્ટીકા કારના ટાયરમાંથી કાઢી ચોરી કરેલ ચાર(૪) વ્હીલકેપની કિરૂ,૧૫૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્ક્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં.૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૦૪૬ તથા પો.કો..પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પો.કો..મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૪૯૩૪ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપી :

(૧) મૌલીક ઉર્ફે મોન્ટુ સ/ઓફ મહેન્દ્રભાઇ પટણી (પ્રજાપતી) ઉ.વ. ૨૮ રહે, મકાન નં- એચ/૧/૨૦૪ દેવરાજ રેસીડેન્સી શ્રીજી બગ્લોઝની પાસે નરોડા અમદાવાદ શહેર તથા

(૨) દિવ્યાંગ ઉર્ફે દિપક સ/ઓફ ગજેન્દ્રસિહ રાઠોડ ઉ.વ.૨૪ રહે, મકાન નં- બી/૬૭ ગજાનંદ પાર્ક એસ.આર.પી.ગ્રુપ- ૨ ની પાછળ નરોડા અમદાવાદ શહેર







નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

મુંબઇ મહારાષ્ટ્રનો વોન્ટેડ આરોપી પકડતી જી.આઈ.ડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં આગામી રથયાત્રા અનુસંધાને ગુના અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ મળેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીઝન નાઓના માર્ગદર્શન તળે જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહીલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ નાઓની આગેવાનીમાં ટીમ મ.સ.ઇ. મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ બ.ન.૧૩૬૩૨ તથા સર્વેલન્સ સ્કોડના પોલીસ કર્મચારીઓએ મહારાષ્ટ્ર રાજ્ય મૂબઇ ના નયાનગર પોલીસ સટેશન ના ગુ.ર.નં ૩૬૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૨૦,૩૪ મુજબના કામનો આરોપી જગદીશભાઇ મનસુખભાઇ મોનાણી રહે.૪૨૧ સિધ્ધાંત વિરાટ એપાર્ટમેન્ટ વટવા વાળાને અત્રેના પો.સ્ટેની હદ વિસ્તારમાં હોવાની હકીકત ક્રાઇમબ્રાન્ચ મુંબઇ તરફથી મળતા મળેલ લોકેશન આધારે તપાસ કરી શ્રી પેલેસ હોટલ, વટવા બ્રીજના છેડો, જી.આઇ.ડી.સી. વટવા અમદાવાદ શહેર ખાતેથી પકડી સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ અટક કરી મુંબઇ ક્રાઇમબ્રાન્ચ, મહારાષ્ટ્ર નાઓને સોંપવા કાર્યવાહી હાથ ધરી સારી કામગીરી કરેલ છે.

તડીપાર ઇસમની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

શરીર સબંધી ગુનામાં તડીપાર કરેલ ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના મુજબ પો.ઇન્સ શ્રી પી.બી.ખાંભલા સાહેબ નાઓના માર્ગદર્શન આધારે આગામી રથયાત્રા અનુશંધાને પાસા/તડીપાર કરેલ ઇસમોને પકડી મળી આવ્યેથી કાયદેશરાની કાર્યવાહી કરવા સારૂ સ્વેલંન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા સાથેના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર નાઓની બાતમી હકીકત આધારે મદદનીશ પો.કમિ ની કચેરી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની કચેરીના ક્રમાક: "આઇ"ડીવીઝન/હદપ/૩/૨૦૨૦ તા-૦૧/૦૨/૨૦૨૧ ના હુકમ આધારે તડીપાર કરેલ આરોપી નામે વિજય ઉર્ફ મોન્ટુ ગણપતભાઇ વાઘેલા ઉ.વ.૨૮ રહે, એમ/૧૧૫ કુશ ઇન્ટરશીટી સ્મશાન સામે નરોડા અમદાવાદ શહેરનાને અમદાવાદ શહેર, ગાંધીનગર ખેડા તથા મહેસાણા જીલ્લાઓ માંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોવા છતાં ઉપરોક્ત હુકમનો ભંગ કરી અમદાવાદ શહેરમાં કોઇ કોર્ટ કચેરીની લેખીત પરવાનગી વગર નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી મળી આવતાં આજ રોજ તા-૨૮/૦૬/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધ જીપી.એક્ટ ૧૪૨ મુજબનો ગુનો નોધી સારી કામગીરી કરેલ છે.તા-૨૮/૦૬/૨૦૨૧.

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્કવોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨

આરોપીનુ નામ -

વિજય ઉર્ફ મોન્ટુ ગણપતભાઇ વાઘેલા ઉ.વ.૨૮ રહે, એમ/૧૧૫ કુશ ઇન્ટરશીટી સ્મશાન સામે નરોડા અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૬૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૩૯૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૬૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૧૬૭/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : મિરાબહેન ડો/ઓ મગનભાઇ સોંન્દરવા (ઉ.વ.૨૯)(રહે.ચાણકય એપાર્ટમેન્ટ, આઇ.સી.બી. ફ્લોરા સામે, વંદેમાતરમ, ગોતા) એ તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૧ થી તા.૧૧/૦૬/૨૦૨૧ સુધી ના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે અજાણ્યા મોબાઇલ નંબર ૭૯૦૦૫૩૯૦૩૦ ના ધારકે મિરાબહેન ના મોબાઇલ ઉપર લિંક મોકલી ફલીપકાર્ટ/એમેઝોન ઉપર પાર્ટ ટાઇમ જોબ મેળવવા જણાવી, ESHOPJOH એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, એપ્લીકેશન પર અલગ-અલગ પ્રોડક્ટ સેલ કરી બે થી પાંચ ટકા કમીશન મેળવવા સારૂ અલગ-અલગ પ્રોડક્ટ પેટે મિતાબહેન તથા સાહેદ પાસેથી કુલ રૂપિયા ૨,૪૧,૧૬૯/- ઓનલાઇન ભરાવી પરત નહી કરી છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

પાલડી : ચિરાગભાઇ જયકુમાર શાહ (ઉ.વ.૫૦)(રહે.મૌલીક ફલેટ, ઓપેરા સોસાયટી, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી) એ તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૦ બપોરના ૩/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની ઓફીસ ખાતે અજાણ્યા મોબાઇલ નંબર ૯૦૯૩૪૨૪૧૧૬ અને ૯૩૮૨૩૦૦૯૨૮ ના ધારકે ચિરાગભાઇ ને લીંક મોકલી, ક્રેડીટ કાર્ડ ની માહિતી મેળવી લઇ, ચિરાગભાઇના બેંક ખાતામાથી કુલ રૂપિયા ૮૪,૮૩૪/- ઉપાડી લઇ ચિરાગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૧૧૬૮/૨૦૨૧**

ચાંદખેડા : અનુપકુમાર પશુપતીનાથ અલખાનીયા (રહે.કલ્પતરૂ મીલેનીયમ, ઝુંડાલ ગાંધીનગર) એ તા.૨૮/૦૬/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ચાંદખેડા, સ્વાગત સ્ટેટસ-૨ સામે પાર્કિંગમા પોતાની મહેન્દ્રા બોલેરો ફોર વ્હીલ નંબર જીજે.૧૮.એ.ઝેડ.૦૨૮૨ કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

ઉંચાઇ થી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૬૯/૨૦૨૧**

નરોડા : નરોડા ગણપતિ મંદિરની પાછળ ભગવતી ફ્લોર મિલ ખાતે કામ કરતા અને ત્યાજ રહેતા ઇરફાન ખિમ્મા સૈફી (ઉ.વ.૩૧) નાઓ મિલ મા ટેબલ ઉપર ચડી વેલ્ડિંગ કામ કરતા હતા ત્યારે પગ લપસી પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને જી.સી.એસ.હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેંદ્રસિંહ મનુભા ચલાવે છે.

વેજલપુર : ફતેહવાડી આઈશા મસ્જીદ પાસે મીલ્લતે ઈબ્રાહીમ ફ્લેટ ખાતે રહેતા વિષ્ણુભાઈ અંતરામભાઈ સુર્યવંશી નાઓ નો બે વર્ષનો દિકરો સમીર તા.૨૬/૦૬/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગે પોતાના ઘરે ત્રીજા માળ ની ગેલેરીમાં રમતા-રમતા એંગલ ઉપર ચડી જતા, ગેલેરીમાંથી નીચે પટકાતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તા.૨૮/૦૬/૨૦૨૧ રાતના ૧/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ચંદુભાઇ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૧૭૦/૨૦૨૧**

અમરાઇવાડી : સંતોષભાઇ સુરેશભાઇ કુલકરણી (ઉ.વ.૨૯)(રહે. શીવરામનગર અશ્વમેધ સ્કુલના ખાંચામા અંબિકાનગર રોડ, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી સાંજના ૫૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી